# ફટાકડાની ટોળીમાં તડાફડી

**– યશવન્ત મહેતા**

દિવાળીના દિવસો હતા. જેમ રમતના મેદાનમાં કે રમવાની જગ્યાએ બાળકોની ટોળી ભેગી થાય તેમ આજે ફટાકડાની ટોળી ભેગી થઈ ગઈ. આ ટોળીમાં નાના–મોટા ઘણી જાતના ફટાકડા હતા.

સહુ ભેગા મળ્યા અને વાતો કરવા લાગ્યા. કેટલાક વાતાવાતમાં પોતાની બડાશ હાંકવા લાગ્યા.

સહુથી પહેલા તો ઍટમબૉમ્બે ગુમાનથી, મોટા અવાજે કહ્યું, ‘બધા ફટાકડામાં સહુથી હું મોટો છું, સમજ્યા ને ? મારા જેવો મોટો ધડાકો બીજા કોઈ ફટાકડા ન કરી શકે.’



એક ખૂણામાં ટેટા ટોળું વળીને બેઠા હતા. તેમનાથી ઍટમબૉમ્બની બડાશ સહન થઈ ન શકી. બધા ટેટા સંપ કરીને, એકી સાથે ધડૂમ, ધડૂમ કરતાં ફૂટ્યા. ટેટાની ટોળીને એમ હતું કે, આપણે ઍટમબૉમ્બને બતાવી દઈએ કે, બધા ભેગા થઈને ઍટમબૉમ્બ કરતાં પણ મોટો ધડાકો કરી શકીએ છીએ.

ત્યાં તો ધડૂમ કરતો ખૂબ મોટા અવાજ સાથે ઍટમબૉમ્બ ફૂટ્યો. તેનો અવાજ સાંભળીને ટેટા તો ઘેટાંની જેમ નરમ ઘેંસ જેવા થઈ ગયા.

આ અવાજ સાંભળીને પેલા લવિંગિયા ફટાકડા તો એવા ડર્યા, એવા ડર્યા કે એ તો તડાફડી બોલાવતાં જાય નાઠા ! નાસતાં–નાસતાં કોઈક બિચારા પડી ગયા અને નાસી ન શક્યા, એટલે તેમણે પડયા–પડયા સૂરસૂરિયાં બોલાવ્યાં.

લવિંગિયાંની પાછળ તડાક–તડાક કરતાં ચાંદલિયા પણ દોડયા.

ફૂલઝર તો તરત જ નાનાં બાળકો પાસે પહોંચી ગયા ને પ્રકાશનાં ફૂલડાં વેરવા લાગ્યા. ફૂલઝરની પાછળ બપોરિયાં પણ લીલો અને ગુલાબી પ્રકાશ વેરતા દોડયા.

ભોં–ચક્રી અને ભોં–કોઠી બૉમ્બ ટેટાના અવાજથી ડરીને તેમની પાછળ નાઠાં.

ફૂલઝર અને બપોરિયાં જ્યાં ચાંદલિયા નાનાં બાળકોની સાથે રમતા હતા ત્યાં નાસી આવ્યા અને ફૂલઝર તો હસીહસીને ફૂલો વેરતાં–વેરતાં બાળકોની સાથે વાતો કરવા લાગ્યા.

બધા નાના ફટાકડા–લવિંગિયા, ફૂલઝર, ભોં–ચક્રી, ભોં–કોઠી, બપોરિયાં, તડતડિયાં ને ચાંદલિયા ભાગ્યા એટલે ઍટમબૉમ્બ અને ટેટા એકલા પડી ગયા.

ટોળીમાંથી જુદાં પડવું તેમને ક્યાંથી ગમે ? સહુની સાથે રહે તો જ મજા આવે ને ? એટલે ઍટમબૉમ્બ અને ટેટા નાના ફટાકડાની ફોજની પાછળ–પાછળ આવ્યા. તે બેઉ આવ્યા એટલે બધા નાના ફટાકડા વળી પાછા તેમનાથી દૂર નાઠા.

ફટાકડાને દૂર નાસતા જોઈને નાનાં બાળકો પણ તે ફટાકડાની સાથે ભાગ્યાં. ભાગતાં–ભાગતાં તે બાળકોએ ઍટમબૉમ્બ અને ટેટાને સંભળાવ્યું,

**તમે ભાગો અહીંથી પાછા,**

**તમારી સાથે કરી છે કિટ્ટા,**

**મોટા છો તો મોટા ધડાકા,**

**નાનાં સંગે તો નાના થઈને,**

**રહે તે જ બસ આવે.**

તે દિવસથી નાનાં બાળકો ઍટમબૉમ્બ અને ટેટાથી દૂર જ રહે છે, અને પેલાં લવિંગિયાં, ફૂલઝર, બપોરિયાં, ચાંદલિયા, ભોં–ચક્રી, ભોં–કોઠી ને તડફડિયાં તથા બીજા નાના ફટાકડાની સાથે જ રમે છે.

■